**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૭૩ ટકા

# ફળોના ભાવ મોંઘા થતાં ઉપવાસ મોંઘા પડશે

## સૌથી વધારે ઉપવાસમાં ખવાતા સસ્તા કેળા પણ મોંઘા થયા : ૭૦ રૂપિયા ડઝન

ગાંધીનગર, તા.૧૪

હાલમાં ધાર્મિક તહેવાર અને વ્રત નો માહોલ ચાલી રહ્યો છે. આજે પણ ઉપવાસ કરતા લોકો માટે ફળોનું એટલું જ મહત્વ છે જેટલું પેહલાના જમાનામાં હતું.લોકો ઉપવાસમાં ફળ ખાવાનું વધારે પસંદ કરે છે.ત્યારે ઉપવાસ માં ખવાતા ફળોનો ભાવ આસમાને પહોંચ્યા છે.તેથી ઉપવાસ કરનાર માટે ઉપવાસ કરવા મોંઘા બન્યા છે.સામાન્ય દિવસો કરતા ફળોના ભાવ વધી જતાં ગ્રાહકો ખરીદતા પહેલાં સો વખત વિચાર કરશે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

મોંઘવારી કાળમાં લીલાં શાકભાજી,લીલો મસાલો, ફળોના ભાવ આસમાને પહોંચી ગયા છે. લીલા શાકભાજી, લીલા મસાલાની આવક ૬૦ ટકા ઘટી જવાને લીધે ભાવો બમણા જેટલા થઈ ગયા છે.

સામાન્ય દિવસોમાં મળતા ફળોના ભાવોમાં પણ વધારો થતા લોકો ઉપવાસ મોધો પડી રહ્યો છે. બજારમાં કેળા રૂ.૭૦ ડઝન, દાડમ રૂ.૨૫૦ કિલો, તળબૂચ રૂ.૪૦ , ચીકુ રૂ.૧૦૦ , પાઈનેપલ રૂ.૧૦૦, રોયલ ગાલા સફરજન રૂ.૨૫૦ કિલો,લીચી રૂ.૨૭૦ કિલો ,ગોલ્ડન કીવી ત્રણ પીસ રૂ.૧૨૦ તથા ટામેટા, કોથમીર, લીલા મરચા,ફુલાવર,બટાકા, ડુંગળીના ભાવો વધ્યા બાદ હવે ફણસી રૂ.૭૦ કિલો મળતી હતી તે હોલસેલમાં રૂ.૧૬૦ અને રિટેઈલમાં રૂ.૨૫૦ કિલોમાં વેચાઈ રહી છે.

બીજી તરફ લીલા મસાલામાં આદુ રિટેઈલમાં રૂ.૨૬૦ , મરચા રૂ.૧૦૦ , સીમલા મરચા રૂ. ૧૦૦ , લવગીયા મરચા રૂ.૧૪૦, લીલી ડુંગળી રૂ.૭૫ , આખુ લસણ રૂ.૨૦૦ , ફોલેલુ લસણ રૂ.૧૮૦ થઈ ગયુ છે. જેના લીધે ખાવાની ડીશમાં ટેસ્ટ માટે વાપરવામાં આવતા ટામેટા,કોથમીર , આદુ અને લીલા મરચા નાંખવાનું બંધ કરી દેવામાં આવ્યુ છે.

કેળાના ભાવની વાત કરવામાં આવે તો સામાન્ય દિવસોમાં ૧૫ થી ૨૦ રૂપિયાના ભાવે મળતા કેળાના ભાવ હાલમાં ૭૦ રૂપિયા જેટલા થઈ ગયા છે. બજારમાં મળતા અન્ય ફળની સરખામણીએ કેળાના ભાવ ઓછા હોવાથી તેમજ આરોગ્યની દ્રષ્ટિએ પણ કેલ્શિયમ વધારનારા હોવાથી લોકો તેનો દરરોજ વધુમાં વધુ ઉપયોગ કરતા હોય છે પરંતુ તેમાંય ભાવ વધારો આવતા લોકો પરેશાન થયા છે.સામાન્ય વર્ગના લોકો જે મુખ્યત્વે કેળાંની ખરીદી વધારે કરતાં હોય છે તેઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે.

ફળફળાદીના ભાવે લઈને ગૃહિણીઓની હાલત



કફોડી બની છે. ભાવ વધવાની સાથે રસોડાનું બજેટ ગોઠવવાની ફરજ પડી રહી છે. મહિના પહેલાં જે ફળ એક કિલોના જથ્થામાં લેતા હતા, તે હવે ૨૫૦ ગ્રામ સુધી લેવા પડે છે. માત્ર ફળો જ નહિ, શાકભાજીના ભાવ પણ કૂદકેને ભૂસકે વધી રહ્યાં છે. જ્યાં એક તરફ મહિલાઓ શાકભાજી લેતા અચકાઈ રહી છે, ત્યાં બીજી તરફ ફળો લેવામાં પણ બજેટ પર નજર કરી રહી છે. ગૃહિણીઓ તો રાહ જોઈને બેસી છે કે, ક્યારે શાકભાજી અને ફળફળાદીના ભાવ ઘટે. કારણ કે, ત્રણ મહિના તહેવારોની સીઝન રહેવાની છે, તેથી જો આ ભાવ નહિ ઘટે તો તહેવારો પણ ફિક્કા બની જશે.



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળા ના વિદ્યાર્થીઓ પોતાના જીવન મા પર્યાવરણનુ શુ મહત્વ છે, તે સમજી પર્યાવરણની જાળવણી કરતા શીખે તે હેતુ થી 'વલ્ડ અરાઉન્ડ યુ 'WAY દ્વારા આયોજીત 'પેન પલ' અભિયાન અંતર્ગત અનુજા ગોહિલ અને ક્રિશ શાહ એ પોતાના વક્તવ્ય દ્વારા વિધ્યાર્થીઓ અભ્યાસ કાળ દરમિયાન રીફીલ વગરની પેન નો નહીવત્ ઉપયોગ કરે, તેમજ વપરાયેલી જૂની,નકામી પેનો માથી જીવન ઉપયોગી વિવિધ વસ્તુઓ બનાવી પર્યાવરણ રક્ષણ નો હેતુ સિદ્ધ કરવા વિધ્યાર્થીઓ ને જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમ ને વિધ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક જોડાઈ સફળ બનાવ્યો હતો.

## સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે બીકોમ ના વિદ્યાર્થીઓનો ઈન્ડક્શન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૧૩મી જુલાઈના રોજ વાણિજ્ય વિભાગે મ.ઝ્રદ્બ માટે ઈન્ડકશન પ્રોગ્રામ હાથ ધર્યો હતો. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓને કૉલેજ, અભ્યાસક્રમ, અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ અને વધારાની અભ્યાસક્રમ પ્રવૃત્તિઓની વ્યાપક ઝાંખી પૂરી પાડવા માટે આ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ્ય નવા વિદ્યાર્થીઓ માટે તેમની શૈક્ષણિક સફરમાં સરળતા તથા સુવિધા આપવાનો અને તેમને કોલેજના વાતાવરણ અને તકોથી પરિચિત કરવાનો છે. આ કાર્યક્રમમાં આદરણીય આચાર્ય



ડૉ. રાજી ડેનિસ અને વાઈસ-પ્રિન્સિપાલ ડૉ. રસિક તન્ના ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ અમારા નવા વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સફરના આ નવા અધ્યાયની શરૂઆત કરતા પ્રેરિત કરીને તેમની મૂલ્યવાન સમજ આપી. કોલેજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા તથા ડો એમ ડી પાંડે કેમ્પસ રજીસ્ટ્રાર વિદ્યાર્થીઓને સફળ ભવિષ્ય માટે અભિનંદન પાઠવ્યા હતા.



ચોમાસામાં સિનિયર સિટીઝનોને વરસાદના રક્ષણ મળે અને સહેલાઈથી બહાર નીકળી શકે તેવા આશયથી સેકટર-૫ના સિનિયર સિટીઝનો માટે નવી છત્રી સામુહિક મંગાવી ૫૦ સિનિયર સિટીઝનોની વ્યવસ્થા સેકટર-૫ના સિનિયર સિટીઝન અને ગુજરાત વિધાનસભાના દંડકના પીએ બાબુભાઈ પ્રજાપતિએ કરી આપી હતી અને સેકટર-૫ના સિનિયર સિટીઝનોને છત્રીનુ વિતરણ કરી ઉત્તમ સેવાઓ પૂરી પાડી હતી. સેકટર-૫ સિનિયર સિટીઝનોએ બાબુભાઈ પ્રજાપતિનો આભાર માન્યો હતો.

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ ના NSS CELL અંતર્ગત PLANTATION DRIVE નું આયોજન ૧૪ જુલાઈ, ૨૦૨૩ ના રોજ કરવામાં આવ્યું હતુ. તેમાં B.Pharmના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન ડૉ. સૌરભ જૈન, ડૉ. વૃંદા શાહ અને Dr.Saurabh Jain, Dr.Vrunda Shah અને માનસી ડોશીના નેતૃત્વ માં કરવામાં આવ્યું હતુ. જેમાં અંદાજીત ૪૫ જેટલા Medicinal Plantનું વાવેતર કર્યું હતું અને વિદ્યાર્થીઓ ધ્વારા ૧૦૦ દિવસ જતન કરવાની



પ્રતિજ્ઞા લીધી હતી. ફેકલ્ટી ધ્વારા વૃક્ષોનું પર્યાવરણ માટેનું મહત્વ સમજાવી આવી પ્રવૃત્તિ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

## જિલ્લા ઓપન ટેબલ ટેનીસ ટૂર્નામેન્ટ ૨૩મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ટેબલ ટેનીસ રમતનો ફેલાવો થાય, વધુને વધુ ખેલાડીઓ ટેબલ ટેનીસ રમતા થાય તેમજ રમતગમત પ્રત્યે યુવાનોમાં રસ અને રૂચિ કેળવાય તેવા હેતુથી જિલ્લા ટેબલ ટેનીસ એસો. દ્વારા આગામી તા.૨૩ને રવિવારે પ્રથમ ગાંધીનગર જિલ્લા ઓપન ટેબલ ટેનીસ રેન્કીંગ ટૂર્નામેન્ટનું આયોજન સેક્રેટરીએટ જીમખાના, સે-૨૧ ખાતે કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં ભાઈઓ અને બહેનોના વિભાગમાં અંડર-૧૩, અંડર-૧૭, તેમજ ઓપન કેટેગરીમાં સ્પર્ધા યોજાશે. વિજેતા ખેલાડીઓને રોકડ ઈનામ, મેડલ અને સર્ટીફીકેટથી પુરસ્કૃત કરવામાં આવશે. ગાંધીનગર ટેબલ ટેનિસ એસો.નું જોડાણ ગુજરાત રાજય ટેબલ ટેનીસ એસો.સાથે હોવાથી આ ટૂર્નામેન્ટ પણ ટેબલ ટેનીસના આંતરરાષ્ટ્રીય નિયમો પ્રમાણે યોજાશે. તેમજ આ ટૂર્નામેન્ટમાં વિજેતા ખેલાડીઓ ગુજરાત રાજય ટેબલ ટેનીસ એસો. દ્વારા આયોજિત ઈન્ટર-ડીસ્ટ્રીકટ ટૂર્નામેન્ટ રમવા માટે મોકલવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવાના ફોર્મ ભરવાની છેલ્લી તા.૧૯ જુલાઈ છે. ભાગ લેવા માટે હરેશ રાઠોડ મો.૯૯૭૮૯ ૦૦૦૮૩ અથવા રાજેશકુમાર ત્રિવેદી મો.૯૮૭૯૨ ૪૩૨૧૪નો સંપર્ક કરવા જણાવાયું છે.



સર્વવિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા માં ' એક્સપર્ટ ટોક ઓન સેવ એન્વાયરોમેંટ ' પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૪ નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ પર્યાવરણનું મહત્ત્વ સમજે અને તેને બચાવવા માટે પ્રેરિત થાય તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## માતા મરણ અટકાવવા જોખમી સગર્ભાને સામાજીક વ્યવહાર પરીવર્તન થકી સમજણ આપવાનો નવતર પ્રયાસ



ગાંધીનગર, તા.૧૪

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એ. જે. વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ માણસા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈટાદરા ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ કેયુર જયસ્વાલ, આયુષ મેડિકલ ઓફિસર ડૉ.અનિતા શર્મા તેમજ તાલુકા એસ.બી.સી.સી ટીમ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એસ.બી.સી.સી.ટીમ અને તમામ સ્ટાફે હાજરી આપી હતી.ઉકત મિટિંગમાં પ્રા. આ. કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવાની થતી સાવચેતી વિશે અને યોગ, પ્રાણાયામની સમજણ આપેલ ઉપરાંત એ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ , એફ. સી.એમ.ઈન્જેક્શન ની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ સગર્ભાને લીંબુ શરબત અને મગ,ગોળ,ચણા, ખજૂર ની કીટ આપવાની વ્યવસ્થા મેડિકલ ઓફિસર એ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



અલ્પેશ એમ પ્રજાપતિ




દેવ પ્રજાપતિ



વી.ટી. સોની
મો. ૭૮૭૪૫ ૯૫૩૩૩



આશિષ બ્રહ્મભટ્ટ
મો. ૬૩૫૨૧ ૬૧૯૪૯



સ્નેહાબેન મહેતા
લાયોનેસ કલબ



ક્રિષા ઉમેશ પચોડે
મો. ૯૯૭૯૭ ૭૧૨૯૭



ઓઝા નિકિતાબેન નિસર્ગકુમાર
મો. ૯૬૨૪૬ ૫૮૧૨૨



માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૩૧૩૬ ૮૦૨૭૪



જીયાન સજ્જાદહુસેન શેખ



મધુબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬



હંસાબેન સી. ઠાકોર
મો. ૯૭૩૭૮ ૫૨૬૫૯



શ્વેતા યોગેશભાઈ પટેલ

## શાહપુર પ્રાથમિક શાળામાં ફેસ એટેનડન્સના પાયલોટ પ્રોજેક્ટનું અમલીકરણ



સમગ્ર શિક્ષા અભિયાન, ગુજરાત દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ફેસીઅલ એટેન્ડન્સનો અમલ કરવાના હેતુથી રાજ્યમાં સૌ પ્રથમ પાયલોટ પ્રોજેક્ટ તરીકે ગ્રામ્ય વિસ્તારમાંથી ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવી હતી. જેના ભાગ રૂપે સેનિટાયઝન ટેકનોલોજી પ્રા. લિ. કંપનીના અધિકારીઓ દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સ્કેનીંગ કરવામાં આવ્યું હતું. હવેથી શાળાના તમામ શિક્ષકો અને તમા વિદ્યાર્થીઓનું ફક્ત ફેસ સ્કેનીંગ દ્વારા ગણતરીની મિનીટમાં જ એટેન્ડન્સ પૂર્ણ થઈ જશે. સમગ્ર પ્રક્રિયા ફક્ત બે થી ત્રણ મિનીટ માં જ પૂર્ણ થઈ જશે ટે પ્રકારનું સોફટવેર શાળામાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ અને તમામ ટીમના સભ્યોના સહકારથી કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા આજ રોજ રાજ્યમાં સૌ પ્રથમ આ પ્રોજેક્ટની વિધિવત શરૂઆત શાહપુર શાળા દ્વારા કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

● સ્વ.ઠાકોર અમૃતજી સોમાજી ઉ.વ.૬૦, સરગુડી, દહેગામ